ગાંધીનગર સમાચાર

પાકિસ્તાનના ભીષણ ગોળીબારમાં પના મોત

જમ્મુ,તા. ૬

જમ્મુના અરનિયા અને આરએસ પુરા સેક્ટરમાં પાકિસ્તાની રેન્જર્સ દ્વારા કરવામાં આવેલા ભીષણ ગોળીબારમાં પાંચ નાગરિકોના મોત થયા છે અને ૩૫થી વધારે નાગરિકો ઘાયલ થયા છે. જેથી સરહદ પર વિસ્ફોટક સ્થિતી સર્જાઇ ગઇ છે. પાકિસ્તાની સૈનિકો બન્ને દેશો વચ્ચેના સંબંધોને વદુ ખરાબ કરવાના ઇરાદાથી સતત ગોળીબાર કરી રહ્યા છે. આની પાછળ ત્રાસવાદીઓને દેશમાં ઘુસાડવાના ખતરનાક ઇરાદા હોઇ શકે છે. જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા પર ભારતીય મોરચા પર પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર કર્યો હતો. ગોળીબારનો દોર રાતભર ચાલ્યો હતો. પાકિસ્તાને પિટ્ટલ,

ચેનાજ અને નારાયણપુર સહિત ૧૫ ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. નિવાસી વિસ્તારમાં પણ પાકિસ્તાની સૈનિકો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની તોપમારા અને ગોળીબારમાં પાંચ ભારતીય નાગરિકોના મોત થયા હતા અને મોટી સંખ્યામાં ભારતીય નાગરિક ઘાયલ થયા હતા. ઇદના કારણે ભારતીય જવાનોએ શરૂઆતમાં શાંતિ જાળવી રાખી હતી પરંતુ પાકિસ્તાની તરફથી ગોળીબાર યતાવતરીતે જારી રહેતા બીએસએફના જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી. સવાર સુદી ગોળીબારની રમઝટ જારી રહી હતી. પ ાકિસ્તાની સૈનિકોએ ગઇકાલે પણસવારે આઠ વાગ્યાની આસપાસ પૂંચ જિલ્લાના બાલોની સબ સેક્ટરમાં અંકુશરેખા પર ભારતીય અગ્રિમ ચોકી ઉપર ભીષણ ગોળીબાર કર્યો હતો. જો કે, આ ગોળીબારમાં ભારતીય પક્ષે કોઇ ખુવારી થઇ નથી. પહેલી ઓક્ટોબર બાદથી પાકિસ્તાને ૧૧ વખત યુદ્ધ વિરામનો ભંગ કર્યો છે. પૂંચમાં અંકુશરેખા પર સાત વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે જ્યારે જમ્મુમાં આઇબી ખાતે ચાર વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે. જેના લીધે સરહદ પર વિસ્ફોટક સ્થિતી રહી હતી. જ્યારે ત્રીજી ઓક્ટોબરે કાશ્મીર ખીણના ગુલમર્ગ સેક્ટરના આંતરરષ્ટ્રીય સરહદ અને અંકુશરેખાના ગામોને ટાર્ગેટ બનાવી ચાર વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. પહેલી અને બીજી ઓક્ટોબરે પણ પાકિસ્તાની સૈનિકોએ પૂંચ જિલ્લામાં એલઓસી ખાતે બે વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો જેમાં છ લોકો ઘાયલ થયા હતા અને કેટલાક મકાનોને નુકસાન થયું હતું. તાજેતરના મહિલાઓમાં અંકુશરેખા પર પાકિસ્તાને ૧૦૦થી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે.

પાકિસ્તાની સૈનિકો દ્વારા નિયમિતરીતે ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન દ્વારા જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા અને ભારતીય ચોકીઓ પર કરવામાં આવેલા ગોળીબારમાં એકનુ મોત થયું હતુ. જ્યારે ચાર લોકો ઘાયલ થયા હતા. પાકિસ્તાને અગાઉ ૩૦મી સપ્ટેમ્બર અને પહેલી ઓક્ટોબરના દિવસે પણ સરહદ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાને બિનઉશ્કેરણીજનકરીતે ગોળીબાર કરીને તંગદીલી ફેંલાવવાની પ્રક્રિયા પાકિસ્તાને જારી રાખી છે.

ભારે ગોળીબારની વચ્ચે ૨૦૦થી વધુને ખસેડાયા

જમ્મુ,તા. ૬

જમ્મુ સેક્ટરના અરનિયા અને આરએસપુરા પટ્ટામાં પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ભીષણ ગોળીબારના કારણે સ્થાનિક લોકોને ભારે તકલીફ થઇ રહી છે. આ પટ્ટામાં રહેતા નાગરિકોને હવે સૈનિક અને પોલીસની મદદતી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે અરનિયા અને આરએસ પુરા પટ્ટામાં આંતરારાષ્ટ્રીય સરહદ પર ગોળીબાર બાદ ૨૦૦થી વધુ લોકોને ખસેડવામાં આવ્યા છે. ખસેડવામાં આવેલા તમામ લોકોને સરકારી ઇમારત અને રાધા સોઆમી ઘરમાં રાખવામાં આવી રહ્યા છે. સરહદ પર સતત ગોળીબારના કારણે લોકોને ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનો દાવો પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

આ મહિનામાં પાકિસ્તાન દ્વારા ૧૧ વખત યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યો છે જેથી વિસ્ફોટક સ્થિતી ઉભી થઇ ગઇ છે. પાકિસ્તાનના ગોળીબારથી સ્થાનિક લોકોમાં પણ નારાજગી દેખાઇ રહી છે.

છત્તીસગઢમાં નક્સલી લીડર ગણપતિ આખરે ઘેરાઇ ગયો

નવીદિલ્હી,તા. ૬

ટોપ નક્સલી કમાન્ડર ગણપતિને દક્ષિણ છત્તીસગઢના વન્ય વિસ્તારમાં સુરક્ષા દળોએ ઘેરી લીધો હોવાના અહેવાલ મળ્યા છે. સુરક્ષા દળોની આને ખુબ મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. જો ગણપતિ ઝડપાશે તો ખુબ મોટી સફળતા હશે. ૬૫ વર્ષીય મુપ્પાલા લક્ષ્મણ રાવ ઉર્ફે ગણપતિ સીપીઆઈ (માઓવાદી)ના જનરલ સેક્રેટરી તરીકે છે. ભારતમાં મોસ્ટ વોન્ટેડ શખ્સ તરીકે પણ તેને ગણવામાં આવે છે. તેના ઉપર ત્રણ કરોડનું ઇનામ છે. મોસ્ટ વોન્ટેડ શખ્સોની યાદીમાં તે અન્ડરવર્લ્ડ ડોન ડાઉદ ઇબ્રાહિમ કરતા પણ આગળ છે. અહેવાલ મુજબ ગણપતિને અંભુજમંદ વન્ય વિસ્તારમાં ઘેરી લેવામાં આવ્યો છે. તમામ બહાર નિકળવાના રસ્તાને બંધ કરી દેવામાં આવ્યા છે. ગણપતિ મોટાપાયે હાથ ધરવામાં આવેલી ઝુંબેશના ભાગરુપે નક્સલીઓ સાથે વાતચીત કરવા અહીં આવ્યો હોવાની બાતમી મળી હતી. તાજેતરના મહિનાઓમાં મોટી સંખ્યામાં નક્સલવાદીઓ શરણાગતિ સ્વીકારી ચુક્યા છે. છેલ્લા નવ મહિનામાં ૨૦૦થી પણ વધુ નક્સલવાદીઓ દ્વારા શરણાગતિ સ્વીકારી લેવામાં આવ્યા બાદ નક્સલવાદીઓના નેટવર્કમાં ઘટાડો થયો છે. તેમનું નેટવર્ક તુટી રહ્યું છે. ટોપના નક્સલવાદીઓને પકડી પાડવા રાજ્ય પોલીસ અને સીઆરપીએફની ટુકડી ઓપરેશન ચલાવી રહી છે. આંધ્રપ્રદેશમાં જન્મેલા ગણપતિએ ગન હાથમાં લેતા પહેલા ટીચર તરીકેની ભૂમિકા ભજવી હતી.

નવી દિલ્હીની જામા મસ્જિદ ખાતે ઈદ-અલ-ઝુહાના તહેવાર નિમિત્તે યોજાયેલી નમાજમાં મુસ્લિમ બિરાદરોએ ઈબાદત કરી હતી.

ગાઝિયાબાદ પાસે લખનૌ મેઇલના કોચ ખડી પડ્યા

લખનૌ,તા. ૬

દિલ્હી જતી લખનૌ મેઇલના એક કોચ ખડી પડતા તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઇ હતી. જો કે આ કોચમાં મુસાફરી કરી રહેલા તમામ યાત્રીઓનો સહેજમાં બચાવ થયો હતો. આ બનાવ બાદ રેલવે દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. તાજેતરમાં જ ટ્રેન અકસમનાત થયો હતો.આ બનાવ આજે સવારે ગાઝિયાબાદ રેલવે સ્ટેશષન નજીક બન્યો હતો. જો કે યાત્રીઓનો સહેજમાં બચાવ થતા તંત્રને રાહત થઇ હતી. ટ્રેનના એસી કોચ પૈકીના એકના વીલ પાટાપરથી ખડી પડ્યા બાદ બનાવ બન્યો હતો. મોડેથી ટ્રેનના પાછળના ભાગને અલગ કરી દેવાનો નિર્ણયકરવામાં આવ્યો હતો. નોર્થનરેલવેના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે આ ટ્રેન નવી દિલ્હીથી લખનૌ તરફ જઇ રહી હતી.અત્રે ઉલ્લે ખનીય છે કે હાલમાં જ મોટી ટ્રેન દુર્ઘટના થઇ હતી. ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લામાં બરૌની એક્સપ્રેસના પાટા પરથી ખડી પડેલા ડબ્બાની સાથે નજીકના પાટા પરથી પસાર થઇ રહેલી કૃષક એક્સપ્રેસ ટકરાઇ જતા ઓછામાં ઓછા ૧૬ યાત્રીઓના મોત થયા છે અને અન્ય ૫૦ યાત્રીઓ ઘાયલ થયા છે. જે પૈકી કેટલાક ગંભીરરીતે ઘાયલ થયા હતા. ગોરખપુર અને કેન્ટ રેલવે સ્ટેશન વચ્ચે લખનૌથી બરૌની તરફ જઇ રહેલી એક્સપ્રેસના પાછળના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા.આજે ફરી ટ્રેનના કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. જો કે સદનસીબે આજે કોઇ ખુવારી થઇ ન હતી. ટ્રેન અકસ્માતોને રોકવા માટે પગલા બિનઅસરકારક દેખાઇ રહ્યા છે.

તરૂણ ગોગોઇ તેમજ સચિન સ્વચ્છ ભારત અભિયાનમાં

નવીદિલ્હી,તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઇ અને ક્રિકેટ આઈકોન સચિન તેંદુલકરની સ્વચ્છ ભારત અભિયાનમાં ભાગ લેવા બદલ પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, આ મિશન સાથે મળીને સફળ બનાવવામાં આવશે. મોદીએ ટ્વિટર ઉપર કહ્યું છે કે, આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઇ સ્વચ્છ ભારત પ્રત્યે કામ કરવા આસામના લોકોને પ્રેરણા આપી રહ્યા છે તે ખુબ સારી બાબત છે. અન્ય એક ટ્વિટમાં મોદીએ સચિન

તેંદુલકરને પણ અભિનંદન આપ્યા છે. મુંબઈમાં શેરીઓમાં સ્વચ્છતા મિશનમાં તેંડુલકર જોડાઈ ગયો છે. સાથે મળીને સ્વચ્છ ભારત મિશનને સફળ બનાવવામાં આવશે. મોદીએ બીજી ઓક્ટોબરના દિવસે સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી હતી અને એજ દિવસે સચિન તેંડુલકર અને અન્યોને આમા ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. સચિન તેંડુલકરે જવાબ આપતા કહ્યું છે કે, તે નિખાલશપણે આ ઝુંબેશને સ્વીકારી ચુક્યો છે. આનાથી ભારતની પ્રતિષ્ઠામાં વધારો થશે. સાથે સાથે સ્વચ્છતાની દિશામાં ભારત આગળ વધી શકશે. સ્વચ્છ ભારત અભિયાનમાં એમ્બેસેડર તરીકે સચિનની નિમણૂંક કરવામાં આવી હતી. સચિન તેંડુલકર પણ હાથમાં ઝાડુ પકડીને સ્વચ્છતા મિશનમાં જોડાઈ ગયો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૫મી જન્મજયંતિ પ્રસંગે સ્વચ્છતા મિશનની શરૂઆત કરવામાં આવી હતી. કેટલાક યુવાનો સાથે માર્ગો ઉપર સ્વચ્છતા કરતો સચિન તેંડુલકર નજરે પડી રહ્યો છે.

હરિયાણામાં નરેન્દ્ર મોદી દ્વારા ઝંઝાવતી ચૂંટણી પ્રચાર

હિસાર,તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝંઝાવતી ચૂંટણી પ્રચારનો દોર આજે પણ જારી રાખ્યો હતો. હરિયાણામાં આક્રમક પ્રચાર કરતા વડાપ્રધાન મોદીએ વિવિધ મુદ્દા ઉઠાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે, કોંગ્રેસ પાર્ટી હરિયાણામાં બે આંકડા સુધી પહોંચી શકશે નહીં. મોદીએ કહ્યું હતું કે, પાંચ વર્ષના ગાળા બાદ લોકો પ્રશ્ન કરી શકશે કે રાજ્યમાં શું થયું છે. અમે જવાબ આપી શકીશું. હરિયાણામાં સેવા કરવાની તક આપવા ભાજપને મત આપવા મોદીએ લોકોને અપીલ કરી હતી. હરિયાણા એક વિકસિત રાજ્ય તરીકે ઉભરી આવશે. તેમણે કહ્યું હતું કે, હરિયાણામાં વિકાસની પ્રક્રિયાને અતિ ઝડપી બનાવવામાં આવશે. ભાજપને જનમત આપીને ભાવિને બદલી શકાય છે. હિસાર રેલીમાં મોદીએ વિવાદાસ્પદ જમીન સોદાબાજીના મુદ્દા ઉપર રોબર્ટ વાઢેરા અને હૂડા સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. હૂડા સરકાર અને રોબર્ટ વાઢેરા વચ્ચે થયેલી જમીન સોદાબાજી મામલામાં તપાસ કરવામાં આવે તેવી રજૂઆત મોદીએ કરી હતી. ચૂંટમી પંચ આમા તપાસ કરે તે જરૂરી છે. હૂડા ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, સોનિયા ગાંધીના જમાઇને

આચારસંહિતા અમલી હોવા છતાં જમીન આપી દેવામાં આવી હતી. તેઓ જાણતા હતા કે, ચૂંટણીના પરિણામો બાદ જો ભાજપ સરકાર આવશે તો કંઇપણ હાસલ થશે નહીં. મોદી આજે હરિયાણાના હિસારમાં રેલી કરી રહ્યા હતા. અહીં હજુ કોંગ્રેસનુંશાસન છે. પાર્ટીહાઈકમાન્ડના દબાણ સમક્ષ ઝુંકીને હૂડાએ આ કામ કર્યું હતું. ઉપરથી આવેલા આદેશના કારણે હૂડાને આ ફરજ પડી હતી. ચૂંટણી પંચે આ મામલામાં તપાસ કરવી જોઇએ. મોદીએ મિડિયા અહેવાલનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ગુડગાંવમાં ડીએલએફ અને રોબર્ટ વાઢેરા વચ્ચે થયેલી જમીમ સોદાબાજી ગેરકાયદે હતી. આ સમજૂતિને આઈએસ ઓફિસર ખેમકાએ ફગાવી દીધી હતી. તે વખતે ખેમકા લેન્ડ હોલ્ડિંગ એન્ડ રેકોર્ડના ડિરેક્ટર જનરલ હતા. વર્ષ ૨૦૧૨માં આ સમજૂતિ રદ કરી દેવામાં આવી હતી. બીજી બાજુ નરેન્દ્ર મોદીના ભાષણને લઇને મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. વડાપ્રધાને કહ્યું હતું કે, કોંગ્રેસે સત્તામાં ૬૦ વર્ષ હોવા છતાં કોઇ રિપોર્ટ કાર્ડ આપ્યા ન હતા પરંતુ તેઓ વડાપ્રધાન તરીકે તેમના ૬૦ દિવસના ગાળામાં રિપોર્ટ કાર્ડ માંગી રહ્યા છે. અમે ગરીબ માટે કામ કરી રહ્યા છે. ૧૦૦૦થી ઓછા પેન્શન તરીકે કોઇને ન મળે તેવી અમારી ગણતરી છે. સાત દિવસના ગાળામાં જ ઘણી બધી બાબતો બદલાઈ રહી છે. કોંગ્રેસ લૂટો, બાંટો, રાજકરોમાં માને છે. યુવાનોને રોજગારી મળી રહી નથી. હરિયાણાની ચૂંટણીમાં કોંગ્રેસની હાલત કફોડી થશે. ૧૯૭૭માં ઇન્દિરા ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓ હારી ગયા હતા પરંતુ પાર્ટી ૧૦૦ સીટને પાર કરી ગઈ હતી પરંતુ આ વખતે કોંગ્રેસને ૫૦ સીટ પણ નહીં મળે. લોકો કોંગ્રેસથી ત્રાસી ચુક્યા છે. લોકસભાની ચૂંટણીના પરિણામથી આ બાબત સાબિત થઇ ચુકી છે. મોદીએ આજે એક પછી એક ભાષણમાં ભાગ લીધો હતો અને વિવિધ મુદ્દાઓ ઉઠાવ્યા હતા. હિસાર ઉપરાંત ફરિદાબાદમાં પણ રેલી યોજવા પહોંચ્યા હતા. હિસારને નેશનલ હાઈવે આપવાની પણ વાત કરી હતી. કરૂક્ષેત્રમાં પણ રેલી યોજી હતી.

ભારતીય સેના પાકને જડબાતોડ જવાબ આપવા તૈયાર છે : જેટલી

નવી દિલ્હી,તા. ૬

સંરક્ષણ પ્રધાન અરૂણ જેટલીએ પાકિસ્તાની યુદ્ધ વિરામના વારંવાર ભંગને લઈને આજે આકરી પ્રતિક્રિયા કરી હતી અને કહ્યું હતું કે, ભારતીય શસ્ત્રોદળો સંપૂર્ણપણે તૈયાર છે અને સરહદ પારથી કોઈપણ ઉશ્કેરણીજનક કૃત્યનો જવાબ આપી શકે છે. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનને આ વાત સમજવી જોઈએ કે બન્ને દેશો વચ્ચેનું પર્યાવરણ આના કારણે બગડી રહ્યું છે. આનાથી સંબંધોને સામાન્ય બનાવવામાં મદદ મળશે નહીં. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાન દ્વારા આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર તંગદીલી વધારવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરાઈ રહ્યો છે. જેના લીધે નિર્દોષ નાગરીકોના પણ મોત થયા છે. જનજીવન પણ ખોરવાયું છે.હકારાત્મક પર્યાવરણ સર્જવામાં આના લીધે મદદ મળી રહી નથી. જેટલીએ કહ્યું હતું કે, દરરોજ અમારા શસ્ત્રોદળો અને અર્ધલશકરી દળ લડાયક મૂડમાં છે અને પાકિસ્તાનના ગોળીબારનો જોરદાર જવાબ પણ આપી રહ્યા છે. પાકિસ્તાન દ્વારા હાલમાં કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના ભંગ પૈકીના સૌથી વિનાશકારી ભંગરૂપે પાકિસ્તાનના ગોળીબારમાં આજે પાંચ લોકોના મોત થયા હતા અને ૨૯ લોકો ઘાયલ થયા હતા. આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર ગોળીબાર થઈ રહ્યો છે.

વાઘા સરહદ પર મીઠાઈની આપલે પણ ન થઈ

સરહદ ઉપર પ્રવર્તમાન તંગદીલીના પરિણામ સ્વરૂપે ભારત અને પાકિસ્તાનના જવાનો વચ્ચે ઈદના પ્રસંગે પંજાબમાં વાઘા સરહદ ઉપર મીઠાઈઓની આપ-લે થઈ નહતી. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે, રવિવારના દિવસે બોર્ડર સુરક્ષા દળ અને પાકિસ્તાની રેન્જર્સના સેક્ટર કમાન્ડો વચ્ચે ફ્લેગ મીટિંગ યોજાઈ હતી. આજે ઈદના દિવસે પાકિસ્તાની પક્ષે મીઠાઈઓની આપ-લે કરવાનો પણ ઈન્કાર કર્યો હતો. આના માટેનું કારણ કોઈ અપાયું નહતું. પરંતુ એમ માનવામાં આવે છે કે, જમ્મુ-કાશ્મીર સરહદ પર પ્રવર્તમાન તંગદીલી છે.

હરિયાળું હરણોધાન (પાના નં. ૪ નું ચાલુ)

'આ કાચબાઓનો શિકાર વધી કેમ ગયો હશે. તેના બીજા પણ કોઇ ઉપયોગ હશે ખરાં?' હીનાએ પુછ્યું.

'હાં, 'હોક્સબિલ' દરિયાઇ કાચબાની શેલમાંથી દાગીના, બટન, કાંસકા, વગેરે ચીજો બને છે. કાચબાની ઢાલ પ્રવાસીઓને સંભારણાની વસ્તુ તરીકે વેચાય છે. કાચબાની ઢાલમાંથી વાડકા, ચમચા જેવા સાધનો પણ બનાવવામાં આવે છે.'

'આપણે ત્યાં તો મોટા પાયે જમીન પરના અને પાણીના એમ બે જાતના કાચબાને આપણે જોયા છે પણ ખરેખર કેટલી જાતના કાચબા હશે?'

'જૂઓ બહેન મને ખ્યાલ છે ત્યાં સુધી ભારતમાં મીઠા પાણી અને સમુદ્રી કાચબાની ૧૬ જાતિઓ, ૬ મૃદુકવચ પાણીના કાચબાની જાતિઓ અને ૪ જમીન પરના કાચબાની જાતીઓ તેમજ ૫ સમુદ્રી કાચબાની જાતિઓ જોવા મળે છે.'

'ચાલો બહેન કાચલા વિશે વધુ જાણવું હોય તો પછી નિરાંતે ક્યારેક આવજો અત્યારે તો આ તમારી થેલીમાં ઊંચો નીચો થઇ રહ્યો છે. તેને ઠેકાણે મુકવાની વ્યવસ્થા કરીએ.' એનિમલ કીપરે કહ્યું એટલે હીના અને તેનો દીકરો કશ્યપ બને તેની સાથે ચાલતા થયા.

હું વિચાર કરતો હતો. ભારતમાં જમીન પરના કે મીઠા પાણીના કે સમુદ્રના કોઇ પણ કાચબા વિપુલ સંખ્યામાં નથી. તેમનાં થોડાક જ ભારતના વન્ય પ્રાણી સંરક્ષણ ધારા હેઠળ રક્ષિત છે. તેથી જ કદાચ આ રીતે કાચદાઓનો વેપાર થતો હશે.

મેં ગઇ કાલે જ એક મિત્રના ઘરે બેઠક ખંડમાં પાણીના વાડકાં કાચબાની પ્રતિકૃતિ જોઇ જેનું મોં ખંડના દરવાજા તરફ હતું. મને થયું કે વાસ્તુશાસ્ત્રની માન્યતાઓ ધરાવનારા આવું કંઇક પ્રતિકાત્મક રાખે તો પણ ઘણાં કાચબાઓ બચી શકે. બાકી તો કાચબા-કાચબીના ભજનમાં આવતી વાત મુજબ ભગવાન પર જ ભરોસો મૂકવો પડે. છેટવે સૃષ્ટિનો સંચાલક તો એજ છે ને ખરૂં ને!

(ક્રમશ:)

ચૂંટણીમાં હની સિંહનો ઉપયોગ કરવા તૈયારી

ચંદીગઢ,તા. ૬

હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવવા માટે તમામ રાજકીય પક્ષો પોત પોતાની નિતી અજમાવી રહ્યા છે. ૧૫મી ઓક્ટોબરના દિવસે હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી યોજનાર છે. હવે હરિયાણામાં મુખ્ય વિરોધ પક્ષ આઇએનએલડી રેપર હની સિંહનો ઉપયોગ કરવાની ઇચ્છા ધરાવે છે. યુવા પેઢીને આકર્ષિત કરવાના હેતુથી રેપરને રોકવાની તૈયારી છે. રાજ્યમાં એક દશકના લાંબા ગાળા બાદ ભારતીય રાષ્ટ્રીય લોક દળ ચૂંટણી બાદ સત્તામાં આવવા ઇચ્છુક છે. યુવા પેઢી હની સિંહને ક્રુબ પસંદ કરે છે તે બાબતની ભારતીય રાષ્ટ્રીય લોક દળે નોંધ લીધી છે. હની સિંહ તરફથી હજુ સુધી કોઇ પણ પ્રકારની પ્રતિક્રિયા આપવામાં આવી નથી. આ હિલચાલ અસરકારક રહી શકે છે.

૪૦ ટકા કર્મી આ વર્ષે જોબ બદલવા ઈચ્છુક : અહેવાલ

નવી દિલ્હી,તા. ૬

દેશમાં પાંચ કર્મચારીઓ પૈકીના બે કર્મચારીઓ આ વર્ષે નોકરી બદલવા માટે ઈચ્છુક બનેલા છે. આનો મતલબ એ થયો કે આશરે ૪૦ ટકા કર્મચારીઓ આ વર્ષે તેમની નોકરી બદલવા માટે ઈચ્છુક છે. વધુ સારા પગારના કારણે આ લોકો નોકરી બદલવા માટેના ઈચ્છુક બનેલા છે. તાજેતરમાં જારી કરવામાં આવેલા નવા સર્વેમાં કહેવામાં આવ્યું છે કે કર્મચારીઓ હાલના તેમના પગાર ધોરણથી સંતુષ્ટ દેખાઈ રહ્યા નથી. જેથી તેઓ નોકરી બદલા માટે ઈચ્છુક બનેલા છે. આ તમામ કર્મચારીઓ વધુ સારા પગાર અને વધારે સારા સંતુલનના કારણે નોકરી બદલવા માટે તૈયાર છે. તાજેતરમાં જારી કરવામાં આવેલા સર્વેમાં કહેવામાં આવ્યું છે કે ૪૪ ટકા લોકો નોકરી બદલવા માટેની ઈચ્છા ધરાવે છે. કેરિયર બિલ્ડરના એમડી ભારત પ્રમલેશે કહ્યું છે કે આર્થિક મંદીના દોરમાં ખુબ ઓછા લોકોએ નોકરી છોડી છે. કારણ કે આ ગાળામાં સારી નોકરી શોધવાની બાબત મુશ્કેલરૂપ હતી. પરંતુ હવે આમાં ફેરફારની સ્થિતી જોવા મળી રહી છે. તેમણે કહ્યું હતું કે જ્યારે અડધા કર્મચારીઓ તેમની નોકરી બદલવા માટેની તૈયારી કરી રહ્યા છે ત્યારે કંપનીઓને તેમના કુશળ લોકોને રોખવા માટે પોતાની રણનિતીમાં ફેરફાર કરવાની ફરજ પડી રહી છે. કુશળ કર્મચારીઓને રોકવા માટે પગારમાં વધારો કરવાની જરૂર ઉભી થઈ રહી છે. કર્મચારીઓને વધારે પ્રમોશન મળે તે જરૂરી છે. કામના કલાકોમાં રાહત અને તાલીમની અવધીને વધારી તેમજ લાભમાં વધારો કરવા જેવી બાબત પર કંપનીઓને હવે વિચારણા કરવાની ફરજ પડશ. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે જે કર્મચારીઓ પોતાની વર્તમાન નોકરીથી સંતુષ્ટ છે તે લોકોમાં કેટલીક રાહત છે. સંતોષજનક વેતન મેળવી રહેલા લોકોને તેમના ઘરમાં પણ વધારે રાહત મળી રહી છે. રાષ્ટ્રીય સ્તરના આ સર્વેની કામગીરી જાન્યુઆરી ૨૦૧૪માં હાથ ધરવામાં આવી હતી. આ સર્વેના તારણો જારી કરતી વેળા જુદી જુદી કંપનીઓઅને ઉદ્યોગોના એક હજાર કર્મચારીઓના અભિપ્રાય લેવામાં આવ્યા હતા.સર્વેના તારણથી કેટલીક કંપનીઓ પહેલાથી તેમની નવી ગણતરીમાં લાગી ગઈ છે.

સિરિયા-ઇરાકમાં નવેસરથી અમેરિકા દ્વારા થયેલા હુમલા

વોશિંગ્ટન,તા. ૬

અમેરિકાએ સિરિયા અને ઈરાકમાં ઈસ્લામિક સ્ટેટના જેહાદીઓને ટાર્ગેટ બનાવીને આજે ફરી એકવાર હવાઈ હુમલા કર્યા હતા. અમેરિકાએ આ હવાઈ હુમલા મારફતે ત્રાસવાદીઓના ટેન્ક, શસ્ત્ર વાહનો અને મોર્ટાર ટીમોને ફુંકી મારી હતી. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકી યુદ્ધ વિમાનોએન સિરિયામાં ત્રણ વખત હવાઈ હુમલા કર્યા હતા. જ્યારે ઈરાકમાં આઈએસના અડ્ડા પર છ વખત હવાઈ હુમલા કર્યા હતા. આ હુમલા કરવા માટે ફાઈટર જેટ, બોમ્બરો અને હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ દ્વારા નિવેદન જારી કરીને આ મુજબની વાત કરવામાં આવી હતી. અમેરિકાના હુમલામાં ત્રાસવાદીઓને ભારે નુકસાન થયું છે. સિરિયામાં કરવામાં આવેલા હુમલામા બુલ્ડોઝર, બે ટેન્ક અને અન્ય એક વાહનોને ફુંકી મારવામાંમ આવ્યા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સિરિયા અને ઈરાકમાં અમેરિકાએ આઈએસના અડ્ડા પર હુમલા કર્યા હતા. ઈરાકમાં ચાર હુમલા કરવામાં આવ્યા હતા. જેમાં આઈએસમે ભારે નુકસાન થયું છે. અમેરિકાએ ઓગષ્ટમાં ઈરાકમાં હુમલા શરૂ કર્યા હતા ત્યારબાદ ગયા મહિનામાં જ સિરિયામાં પણ હુમલા શરૂ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સિરિયા અને ઈરાકમાં આઈએસની ગતિવિધી સતત વધી રહી છે. બન્ને કેટલાક વિસ્તારોમાં પ્રભુત્વ પણ ધરાવે છે. આઈએસ દ્વારા બે અમેરિકી પત્રકારો અને બે બ્રિટીશ નાગરિકોની ગળુ કાપીને હત્યા કરવામાં આવી ચુકી છે.

મારૂતિ દ્વારા નવી સેડાન લોંચ કરી દેવામાં આવી

નવી દિલ્હી, તા. ૬

દેશમાં સૌથી વધુ કાર વેચાણ કરતી કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડે આજે તેની નવી સેડાન કાર લોંચ કરી દીધી હતી. સાત વર્ષમાં તેની પ્રથમ નવી કાર લોંચ કરવામાં આવી છે. અગાઉ ઓછી સફળતા આ મામલામાં મળી હતી. મારુતિની નવી કાર સીઆઝ કારની કિંમત નવી દિલ્હીમાં એક્સ શો રૂમ ઉપર ૬૯૯૦૦૦થી શરૂ થશે. ઈન્ડિયન ઓટો એક્સપોમાં આ કારને રજૂ કરવામાં આવી હતી. ભારતમાં મધ્યમ કદની સેડાન કારનું બજાર વધી રહ્યું છે. વિશ્વના છઠ્ઠા સૌથી મોટા પેસેન્જર વાહનોના માર્કેટ તરીકે ભારતને ગણવામાં આવે છે. ઈન્ડસ્ટ્રીના આંકડા દર્શાવે છે કે, ઉંચા ફુગાવા અને વ્યાજદર ઉંચા હોવાના કારણે હાલમાં કંપનીને ફટકો પડ્યો હતો. આગામી વર્ષમાં મારુતિ તેની નવી કાર સીઆઝ ૬૦૦૦૦-૮૦૦૦૦ જેટલી વેચવા માંગે છે. આ કાર તેની એસએક્સ-૪ સેડાનની નવી આવૃત્તિ છે જે ૨૦૦૭માં લોંચ કરવામાં આવી હતી. હોન્ડા મોટર કંપની અને હુન્ડાઈ મોટર તરફથી જોરદાર સ્પર્ધા રહી હતી.